ગાંધીનગર સમાચાર

પ્રાથમિક શાળાઓમાં ૧૮મીથી પરીક્ષા શરૂ થશે

# રાજ્યના દરિયાકાંઠાની સુરક્ષા વધારાઈ

## કોસ્ટ ગાર્ડ દ્વારા ગુજરાતને સંલગ્ન દરિયાઈ સીમામાં પેટ્રોલીંગ વધારવામાં આવ્યુ





ગાંધીનગર, તા. ૩૦

ભારત-પાક સીમા પર ઉદ્‌ભવેલી તંગ પરિસ્થિતિ અને ભારતે લીધેલા સ્ટ્રેજીકલ સ્ટ્રાઈક જેવા પગલાં બાદ પાકિસ્તાન તરફથી કોઈ પગલા ભરવામાં આવે તેવી દહેશના કારણે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ દરિયાઈ વિસ્તારમાં પેટ્રોલીંગ વધારી દીધુ છે. ગુજરાતને સંલગ્ન દરિયાઈ સીમામાં સુરક્ષા વધારી દેવામાં આવી છે.

જમ્મુ-કાશ્મીરના ઉરીમાં આત્મઘાતી હૂમલા બાદ ભારત-પાક.ની સીમાએ તંગ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ભારતની વળતી પ્રતિક્રિયા આપતા પીઓકેમાં સ્ટ્રેટેજીકલ સ્ટ્રાઈક જેવા પગાલાં લીધા છે. હવે પાકિસ્તાન પણ કોઈ કાંકરીચાળો કરશે તેવી દહેશતના પગલે પાકિસ્તાનને સંલગ્ન દેશની તમામ સીમાઓ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. ગુજરાતને દરિયાઈ સીમાઓ સ્પર્શતી હોઈ ભારતીય કોસ્ટ ગાર્ડની જવાબદારીમાં વધારો થયો છે. માછીમારોને ભારત-પાકની દરિયાઈ સીમાના વિસ્તારમાં માછીમારી ન કરવા જવા સુચના આપવામાં આવી છે. જ્યાં સુધી પરિસ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી દરિયાઈ સીમામાં પેટ્રોલીંગ સહિતના વિવિધ સુરક્ષાત્મક પગલા ભરવામાં આવ્યા છે.

# સ્વચ્છતા વિદ્યાલયના રવિવારે એવોર્ડ અપાશે

## જિલ્લાની ૩૫ શાળાની કરાયેલી પસંદગી : શાળાઓમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત પોરાશોધક અને ચિત્ર સ્પર્ધાઓ પણ યોજાઈ

ગાંધીનગર, તા. ૩૦

૨જી ઓક્ટો. ૨૦૧૬ને ગાંધી જયંતિના દિવસે જિલ્લાની ૩૫ શાળાઓને સ્વચ્છ વિદ્યાલયના એવોર્ડ અને પુરસ્કારથી સન્માનિત કરવામાં આવનાર છે.

સ્વચ્છતા અને સમરસતા સપ્તાહની ઉજવણીના અંતિમ તબક્કામાં ગાંધીનગર ટાઉનહોલ ખાતે રાજયના વનમંત્રી ગણપતભાઈ વસાવાની અધ્યક્ષતામાં યોજાયેલ સમાપન સમારોહમાં સ્વચ્છ વિદ્યાલય એવોર્ડનું વિતરણ કરાશે.

મળતી વિગતો પ્રમાણે સ્વચ્છતા અભિયાનને પ્રોત્સાહિત કરવા માટે ભારત સરકારના માનવ સંશાધન મંત્રાલયે ''સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર'' યોજનાની જાહેરાત કરી હતી અને આ અંગે પાંચ જેટલી જુદી જુદી કેટેગરીમાં સંસ્થાઓ પાસેથી અરજીઓ માંગવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લાની સરકારી પ્રા. શાળાઓની આ અંગેની પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરી દેવાઈ છે. રાજ્યના સર્વ શિક્ષા અભિયાન એકમ દ્વારા આ પસંદગી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આ પસંદગીને અંતે તમામ જિલ્લા અને નગર પ્રા. શિ. સમિતિઓને પસંદ થયેલ શાળાઓની યાદી પણ મોકલી દેવામાં આવેલ છે.

પાંચેય કેટેગરીમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારની શાળાઓની પસંદગી કરવામાં આવી છે. પાંચેય કેટેગરીમાં પ્રથમ આવનાર જિલ્લાની સ્કૂલને રૂ. ૧૦ હજાર તેમજ દ્વિતીય અને તૃતિય સ્કૂલને રૂ. સાત તથા પાંચ હજારના પુરસ્કાર તેમજ પાંચ કેટેગરીમાંથી એક કેટેગરીમાં પણ શ્રેષ્ઠ દેખાવ કરનાર શાળાને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

# પ્રાથમિક શાળાઓમાં ૧૮મીથી પરીક્ષા શરૂ થશે

## દિવાળી વેકેશન ૨૮મી ઓક્ટો.થી આરંભાશે જિલ્લામાં ૧ લાખથી વધુ બાળકોનું લેખિત મૂલ્યાંકન થશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાની પ્રા. શાળાઓમાં તા. ૧૮મી ઓક્ટો. ૧૬ થી પ્રથમ સત્રના અભ્યાસનું લેખિત મૂલ્યાંકન શરૂ થશે જ્યારે દિવાળી વેકેશન ૨૮મી ઓક્ટો.થી શરૂ થશે.

જિલ્લા પરીક્ષા સમિતિની આજે મહત્વની બેઠક મળી હતી જેમાં પરીક્ષાઓના આયોજન અંગેની ચર્ચાઓ થઈ હતી. મળતી વિગતો પ્રમાણે પ્રથમ સત્રનું લેખિત મૂલ્યાંકન કાર્ય ૧૮મીથી શરૂ કરાશે અને ૨૨મી ઓક્ટો.ના રોજ તે પૂર્ણ થશે. નવરાત્રી પર્વની સમાપ્તીના બરાબર એક સપ્તાહ બાદ આ મૂલ્યાંકનની કામગીરી હાથ ધરવામાં આવશે. જિલ્લાની ૬૦૦થી વધુ શાળાઓમાં ૧ લાખથી વધુ બાળકોને આ મૂલ્યાંકનમાં આવરી લેવામાં આવશે. પ્રા. શાળાઓમાં દિવાળી વેકેશન ૨૮મી ઓક્ટો.થી શરૂ થશે અને ૧૭ નવેમ્બર સુધીનું રહેશે. શિક્ષણ વિભાગના સૂત્રો જણાવે છે કે નવેમ્બરના અંતમાં ડિસેમ્બરના પ્રારંભમાં ગુણોત્સવ ૭નું આયોજન કરાશે.

# મનપા દ્વારા સફાઈની આઉટ સોર્સિંગની ત્રણ એજન્સીઓ માટે પેનલ ભાવ નિયત કરાયા

## મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં સભ્યો હવે તારની વાડ સેક્ટરોમાં બનાવડાવી શકશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ સફાઈની કામગીરી આઉટ સોર્સિંગથી કરાવવા માટે એકને બદલે ત્રણ-ત્રણ એજન્સીઓને પેનલના ભાવ પ્રમાણે કામ કરાવવાની સત્તા મ્યુનિ. કમિશનરશ્રીને સુપ્રત કરી છે.

મહાનગરપાલિકાની એક માત્ર સ્વચ્છતાની કામગીરી માટે તેમજ બાંધકામને લગતી કામગીરી માટે ભાડેથી ટ્રેક્ટર વીથ ટ્રોલી, ટ્રેક્ટર વીથ પાવડા, જેસીબી તથા મજૂરો પુરા પાડવા માટે ઓનલાઈન ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું.

આજે આ અંગેનું ટેન્ડર મંજૂરી માટે રજુ થયું હતું. ત્રણ એજન્સીઓએ ટેન્ડર ભરી રજુ કર્યા હતા. પરંતુ તેમના ભાવ ઘણા ઓછા જણાતાં પેનલના ભાવ નિયત કરી અને ત્રણેય એજન્સીઓ પાસેથી જરૂરીયાત પ્રમાણે કામગીરી કરાવવાની સત્તા મ્યુનિ. કમિશનરશ્રીને સોંપવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

આજે બપોરે ઉતાવળે બોલાવાયેલી સ્ટેન્ડીંગ કમિટીએ ઈલેક્ટ્રીકલ અને સિવીલ કામ માટે ટેન્ડર પર કોઈપણ નિર્ણય કર્યા વગર કામ મુલ્તવી રાખવાનો નિર્ણય લીધો હતો. આ ટેન્ડરમાં ૧૧ ટકા જેટલુ બિલો ટેન્ડર આપ્યુ હોવાનું જાણવા મળેલ છે.

આજની આ સ્થાયી સમિતિએ કાઉન્સીલરોની ગ્રાન્ટમાંથી માર્ગ-મકાન તેમજ વન વિભાગ હસ્તકની જમીન પર કમ્પાઉન્ડ વોલ બનાવી અથવા તો તાર ફેન્સીંગની સુવિધા ઉભી કરવા માટે ફાળવી શકાશે તેવો પણ નિર્ણય લીધેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં સફાઈની કામગીરી અસરકારક રીતે થતી ન જણાઈ હોવાની સભ્યોએ રજુઆત પણ આજની બેઠકમાં કરી હતી.

# આજે રાજ્યપાલશ્રી જિલ્લાના સરઢવમાં સમરસતા રેલીને પ્રસ્થાન કરાવશે

ગાંધીનગર, તા. ૩૦

આજે રાજયના રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલી જિલ્લાના સરઢવ ગામે સ્વચ્છતા અને સમરસતા સપ્તાહની ઉજવણી કાર્યક્રમમાં જોડાશે.

રાજ્યના રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલી સરઢવ આવી રહ્યા હોવાથી સમગ્ર જિલ્લાનું વહીવટીતંત્ર આજે સરઢવ પહોંચ્યું હતું.

મહામહીમ રાજ્યપાલશ્રી સરઢવમાં સમરસતા રેલીને પ્રસ્થાન કરાવશો તેમજ શૌચાલય નિર્માણ માટે ખાતમુહૂર્ત વિધિમાં પણ હાજર રહેનાર છે. તેઓ સરઢવ રેવાબાઈ જનરલ હોસ્પિટલની મુલાકાત લેનાર હોવાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ રાજ્યપાલશ્રી સરઢવ ખાતે બે કલાક જેટલો સમય વિતાવશે. તેઓ ગ્રામજનોને સમરસતા અંગે ટુંકુ સંબોધન પણ કરશે તેમ જાણવા મળેલ છે. સરઢવ ગામને નિર્મળ બનાવવા માટે ૪૦૦થી વધુ ઘરો હજુ સૌચાલય વિહોણા છે તેના માટે આજે સમૂહ ખાત વિધિ પણ રાખવામાં આવેલ છે. સરઢવમાં આરોગ્ય અને શૈક્ષણિક સેવાઓના વિકાસની પણ રાજ્યપાલશ્રી સમીક્ષા કરશે અને તેઓ ગ્રાન્ટ ઈન એઈડ હોસ્પિટલ જે ટ્રસ્ટ સંચાલિત છે તેની મુલાકાત લેનાર છે.




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com